# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે બનાસકાંઠામાં રિચાર્જ કૂવા નિર્માણ કાર્યક્રમનો પ્રારંભ કરાવશે.**
2. **કેન્દ્રીય ચૂંટણી પંચ આગામી વર્ષમાં એક લાખથી વધુ બૂથ લેવલ ઑફિસરને તાલીમ આપશે.**
3. **રાજ્ય સરકારે અધિકારી-કર્મચારીઓ અને પેન્શન ધારકોને P.M.J.A.Y. યોજના હેઠળ લાભ મેળવવા માર્ગદર્શિકા જાહેર કરી.**
4. **વરસાદની આગાહીને પગલે માછીમારોને આગામી પાંચ દિવસ દરિયો ન ખેડવા સૂચના.**
5. **નવસારીના વિદ્યાર્થીએ દુબઈમાં આંતર-રાષ્ટ્રીય સ્તરની ઍબક્સ ઍન્ડ મૅન્ટલ ઍરિથમૅટિક સ્પર્ધામાં ચૅમ્પિયન ટ્રૉફી જીતી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM BANASKANTHA

બનાસકાંઠા જિલ્લામાં આજે રિચાર્જ કૂવા નિર્માણનો શુભારંભ કાર્યક્રમ યોજાશે. દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામમાં યોજાનારા આ કાર્યક્રમનો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રારંભ કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારના જળશક્તિ અભિયાન અંતર્ગત જળશક્તિ અભિયાન- કેચ ધ રેઈન 2025 અભિયાનથી પ્રેરિત જળસંચય જન ભાગીદારી હેઠળ આ કાર્યક્રમ યોજાશે.

# DANG KRUSHI

ડાંગ જિલ્લાના આહવા તાલુકાના દાવ-દહાડ ગામથી ગઈકાલથી “વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન”નો પ્રારંભ થયો. તે અંતર્ગત આગામી 12 જૂન સુધી કૃષિરથ સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા કૃષિ વિશ્વ-વિદ્યાલયના વૈજ્ઞાનિકની ટુકડી જિલ્લાના 90 ગામની મુલાકાત લેશે. દરમિયાન ખેડૂતો સાથે સીધો સંવાદ કરી નવિનતા અંગેની માહિતી પૂરી પડાશે. ખેડૂત વિજ્ઞાન કેન્દ્રના વડા એલ. વી. ઘેટિયાએ આ અંગે વધુ માહિતી આપી.

(BYTE- L. V. GHETIYA, HEAD OF KHEDUT VIGYAN KENDRA NAVSARI)

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેંદ્ર પટેલે ગઈકાલે આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલય ખાતેથી રાજ્યવ્યાપી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.

# ECI PAHEL

મતદારોના અનુભવને વધુ સારો બનાવવા અને ચૂંટણી વ્યવસ્થાપનને સુવ્યવસ્થિત કરવા ભારતીય ચૂંટણી પંચ -ECI-એ ગત 100 દિવસમાં 21 નવી પહેલ શરૂ કરી છે. તે મુજબ, ECI-એ મતદાન મથકદીઠ મતદારોની મહત્તમ સંખ્યા એક હજાર 500થી ઘટાડીને એક હજાર 200 કરી છે. ગીચ વસતિ ધરાવતા વિસ્તારોમાં વધારાના મતદાનમથક સ્થાપિત કરાશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ECI-એ બૂથ લૅવલ ઑફિસર્સ, BLO સુપરવાઈઝર અને બૂથ લૅવલ એજન્ટ્સ માટે તાલીમ કાર્યક્રમનો વિસ્તાર કર્યો છે. ઇન્ડિયા ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઇલેક્શન મેનેજમેન્ટ ખાતે ત્રણ હજાર 500થી વધુ BLO અને સુપરવાઈઝર્સને તાલીમ અપાઈ છે. હવે આગામી વર્ષમાં એક લાખથી વધુ BLO અને સુપરવાઈઝર્સને તાલીમ આપવાનું લક્ષ્યાંક છે. ત્યારબાદ આ સુપરવાઇઝર 10 લાખથી વધુ કાર્યકર્તા ધરાવતા મોટા BLO નેટવર્કને તાલીમ આપશે.

# PORBANDAR ELECTION

પોરબંદર જિલ્લાના રાણાવાવ, કુતિયાણા અને પોરબંદર તાલુકાની 56 ગ્રામ પંચાયતમાં આગામી 22 જૂને સામાન્ય અને પેટા-ચૂંટણી યોજાશે. આ અંગે જિલ્લાના નિવાસી અધિક કલેક્ટર જે. બી. વદરે વધુ માહિતી આપી.

(BYTE- J. B. VADAR, RESIDENT ADDITIONAL COLLECTOR)

# GUJ PENSIONERS

આરોગ્ય વિભાગે રાજ્ય સરકારના તમામ અધિકારી-કર્મચારીઓ અને પેન્શન ધારકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- P.M.J.A.Y. યોજના હેઠળ લાભ મેળવવા માર્ગદર્શિકા બહાર પાડી છે. તે મુજબ, હવે અધિકારીઓ, કર્મચારીઓ, પેન્શનધારકો અને તેમના પરિવારને લાભ અપાવવા આશ્રિત પરિવારજનોની વિગત દર્શાવતું પ્રમાણપત્ર આપવું પડશે. તેમજ કર્મચારીઓ જ્યાં કાર્યરત્ હોય તે કચેરીના વડાએ નિયત નમૂનામાં પ્રમાણપત્ર આપવું પડશે. ઉપરાંત E-KYC કરી શહાય તે હેતુથી પરિવારના દરેક સભ્યનો આધારનંબર પણ દર્શાવવાનો રહેશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, PMJAY- મા યોજના અંતર્ગત 'જી' શ્રેણીના કાર્ડ દ્વારા પરિવારદીઠ દસ લાખ રૂપિયા સુધીની કૅશલેસ સારવાર તમામ કર્મચારીઓને

મળવાપાત્ર છે. ઉપરાંત “ગુજરાત કર્મયોગી સ્વાસ્થ સુરક્ષા યોજના” સહાય મેળવવા PMJAY યોજનાનું કાર્ડ હોવું જરૂરી છે.

## NITI AAYOG DNH

નીતિ આયોગના સભ્ય ડૉક્ટર વિનોદ કુમાર પૉલે ગઈકાલે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તેમજ દમણની મુલાકાત લીધી. દરમિયાન તેમણે કેન્દ્ર અને વહિવટી તંત્રની વિવિધ વિકાસલક્ષી પરિયોજના અને જન-કલ્યાણકારી યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી અને અધિકારીઓ સાથે વાતચીત કરી.

ડૉ. પૉલે દમણમાં પક્ષી અભયારણ્ય, જમપ્રીમ ખાતે સ્થાપિત 'આયૂષ્માન આરોગ્ય મંદિર', રામસેતુ ખાતે ટૅન્ટ સિટી, રિંગણવાડામાં પંચાયત ઘર, મારવાડ હૉસ્પિટલ, દેવકા ખાતે 'નમોપથ' સી ફ્રન્ટ અને 'દમણ નાઈટ માર્કેટ'નું નિરીક્ષણ કર્યું. ઉપરાંત તેમણે દમણની સરકારી ઇજનેરી મહાવિદ્યાલયની પણ મુલાકાત લઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યો.

## STATE WEATHER

રાજ્યમાં આગામી પાંચ જૂન સુધી છૂટાછવાયા સ્થળ પર કમોસમી વરસાદની આગાહી છે. દરમિયાન રાજ્યમાં આજે ઉત્તર-દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ તેમજ ગાજવીજ સાથે વરસાદની

સંભાવના છે. બીજી તરફ, હવામાન વિભાગે આજથી વરસાદની ગતિ ધીમી પડવાની શક્યતા વ્યક્ત કરી છે. તેમજ આગામી પાંચ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપી હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

(BYTE- DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)

# RAIN OVERALL

રાજ્યમાં ગઈકાલે અનેક જિલ્લામાં કમોસમી સામાન્ય વરસાદ વરસ્યો. સત્તાવાર યાદી મુજબ, સવારે છ વાગ્યાથી રાત્રે 10 વાગ્યા સુધીમાં 35 તાલુકામાં વરસાદ નોંધાયો. દરમિયાન સૌથી વધુ એક ઈંચ જેટલો વરસાદ ડાંગના ડાંગ-આહવા અને સુબિર, ભરૂચના ઝઘડિયા અને ભરૂચ, તાપીના સોનગઢ તાલુકામાં વરસ્યો હોવાના અહેવાલ છે.

તાપીમાં પણ બુધવારે મોડી રાતે વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા. અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે, રેલવે નાળા-માં પાણી ભરાતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. કેટલીક જગ્યાએ રસ્તા પર ભૂવા પણ પડી ગયા છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના દરિયામાં પહેલી જૂનથી 31 ઑગસ્ટ સુધી સ્નાન કરવા કે નજીક જવા પર પ્રતિબંધ મુકાયો છે. ચોમાસા દરમિયાન દરિયામાં કરન્ટ રહેવાથી વહીવટી તંત્ર દ્વારા આ નિર્ણય કરાયો છે.

# NAVSARI TROPHY

નવસારીના વિદ્યાર્થી સ્પંદન પટેલે દુબઈમાં આંતર-રાષ્ટ્રીય સ્તરની એબક્સ એન્ડ મૅન્ટલ ઍરિથમૅટિક સ્પર્ધામાં ચૅમ્પિયન ટ્રોફી જીતી છે. આ વિદ્યાર્થી ચીખલી સમરાલીમાં શ્રી સ્વામિનારાયણ આંતર-રાષ્ટ્રીય ગુણાતિત વિદ્યાધામમાં ધોરણ આઠમાં અભ્યાસ કરે છે. તેમણે સંયુક્ત આરબ અમિરાતમાં દુબઈ સ્ટડી વર્લ્ડ ઍકેડમિક સિટીમાં પ્રથમ આંતર-રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

આ સ્પર્ધામાં વિશ્વના 17 દેશના કુલ 482 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. વિદ્યાર્થી સ્પંદન પટેલે સ્પર્ધામાં ગણિતના 200 દાખલા માત્ર 6 મિનિટમાં ઉકેલી ચૅમ્પિયન ટ્રોફી જીતી લીધી હતી.

# MAHISAGAR CORONA

મહીસાગર જિલ્લામાં હાલમાં કોરોનાનો એક પણ કેસ નથી. જોકે, તૈયારીના ભાગરૂપે લુણાવાડાની જનરલ હૉસ્પટિલે કોરોનાની સારવાર માટે સંપૂર્ણ વ્યવસ્થા કરી છે. હૉસ્પિટલમાં ઑક્સિજન પ્લાન્ટ પણ કાર્યરત્ કરાયો છે. આ અંગે જનરલ હૉસ્પિટલનાં અધિક્ષક ડૉક્ટર ભામિની પંડિતે વધુ માહિતી આપી.

(BYTE- DR. BHAMINI PANDIT, SUPERINTENDENT, GENERAL HOSPITAL)